# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે કૃષિમેળો -વ-
# કૃષિ પ્રદર્શન યોજાયુ
## (તા.૨૨/૦૨/૨૦૧૭)

તા.૨૨/૦૨/૨૦૧૭ ના રોજ "ક્રોપ ડાયવર્સિફિકેશન યોજના" અંતર્ગત આત્મા પ્રોજેક્ટ ખેડા તથા જિલ્લા ખેતીવાડી અધિકારી ખેડાના સંયુક્ત ઉપક્રમે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીના સહયોગથી "કૃષિ મેળો -વ- કૃષિ પ્રદર્શન" યોજાયુ. જેમાં ખેડા જિલ્લાના આશરે ૧૫૦૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં અધ્યક્ષ પદે શ્રી દેવુસિંહ ચૌહાણ (મા.સાંસદ, ખેડા) તથા શ્રી કનુભાઈ ડાભી (જિલ્લા ઉપપ્રમુખ, ખેડા), શ્રી રમેશભાઈ ચૌહાણ (તાલુકા પ્રમુખ, મહેમદાવાદ), શ્રી જિગરભાઈ ભટ્ટ (પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા-ખેડા), શ્રી પ્રવીણભાઈ પટેલ (પ્રમુખ, ગુજરાત એગ્રો ઈનપુટ), શ્રી ધવલભાઈ આર. પટેલ (મદદનીશ ખેતી નિયામક, મહેમદાવાદ), ડૉ. બી. એન. પટેલ (સહ સંશોધન વૈજ્ઞાનિક અને કચેરીના વડા, કૃસંકે, સણસોલી), કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ ઉપરાંત ડૉ. બી. ડી. પટેલ (એગ્રોનોમીસ્ટ, આકૃયુ, આણંદ), શ્રી વી. આઈ. જોષી (બાગાયત નિષ્ણાંત, આકૃયુ, આણંદ) તથા ખેડા જિલ્લાના કૃષિ સંલગ્ન અધિકારી/કર્મચારીઓ હાજર રહેલ.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના તથા સ્વાગત ગીતથી કરાઇ હતી. શ્રી જિગરભાઈ ભટ્ટે પ્રાસંગિક ઉદ્દબોધન તથા આત્મા પ્રોજેક્ટ, ખેડા દ્વારા કરેલ વાર્ષિક પ્રવૃત્તિઓથી ખેડૂતોને વાકેફ કર્યા હતા. ડૉ. બી. ડી. પટેલે "આધુનિક કૃષિમાં નીંદણ નિયંત્રણ" પર વ્યાખ્યાન આપ્યુ હતુ. ડૉ. વી. આઈ. જોશીએ શાકભાજી પાકોની ખેતી પદ્ધતિ અંગેના પ્રશ્નો વિષે ખેડૂતો સાથે જૂથ ચર્ચા કરી હતી. ડૉ. બી. એન. પટેલે કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન, બીજ ઉત્પાદન તથા વિસ્તરણ પ્રવૃતિઓથી ખેડૂતોને અવગત કર્યા હતા. માનનીય સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણે અતિથિ વિશેષ પદેથી પ્રાસંગિક ઉદબોધન તથા "ખેતીએ મહત્વનુ ધંધાકીય સાધન" વિષે વિસ્તૃત ચિતાર આપેલ તદ્દુપરાંત તેમણે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન પર ભાર મૂક્યો હતો અને તે માટે કૃષિ સંલગ્ન અધિકારીઓનાં સતત સંપર્કમાં રહેવાની સલાહ આપી હતી. વધુમાં, તેઓશ્રીએ સરકારની વિવિધ યોજનાઓને અભ્યાસ કરી લાભ લેવા માટે સૂચન કરેલ સાથે સાથે અત્રેના કેન્દ્ર ખાતે કાર્યરત સંશોધન-વ-બીજ ઉત્પાદનની કામગીરી બિરદાવેલ. શ્રી કનુભાઈ ડાભીએ ખેતીની સાથે સાથે પશુપાલન કરી પોતાની આર્થિક વૃદ્ધિમાં વધારો કરવાની તથા ધાન્ય પાકોની સાથે બાગાયતી પાકો (મિશ્ર પાક પધ્ધતિ) કરવાની સલાહ આપી હતી. વધુમાં, તેઓશ્રીએ ટપક પધ્ધતિ વિષે પૂરતુ જ્ઞાન મેળવી અપનાવવાની ભલામણ કરેલ.

કાર્યક્રમના અંતે પધારેલ મહેમાનશ્રીઓ તથા ખેડૂતોએ ગોઠવેલ વિવિધ પ્રદર્શનોની મુલાકાત લીધી હતી અને પોતાને કૃષિ સંલગ્ન વિવિધ તજજ્ઞતાઓથી વાકેફ કર્યા હતા.


રજીસ્ટ્રેશન


ક્રોપ ડાયવર્સિફીકેશન યોજના અને આત્મા પ્રોજેક્ટ,
જીલ્લો ખેડાના સંયુકત ઉપક્રમે આયોજીત
કૃષિ મેળો અને કૃષિ પ્રદર્શન
તારીખ : ૨૨/૦૨/૨૦૧૭
સમય : સવારે ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક


લાભાર્થીઓ








જીલ્લો ખેડાના સંયુક્ત












VARUNA


મોબાઈલ ઓટો સ્વીચ